ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ-૨૦૧૨માં લેવાયેલી ધોરણ -10 ની માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા તથા સંસ્કૃત પ્રથમાની પરીક્ષાનું પરિણામ તા.૨-૬-૨૦૧૨ ના રોજ બોર્ડની વેબ સાઇટ ઉપર જાહેર કરવામાં આવશે. રાજયની માધ્યમિક શાળાઓ તથા સંસ્કૃત પાઠશાળાઓના આચાર્યશ્રીઓ તા. ૭-૬-૨૦૧૨ ના રોજ સવારના ૦૯-૦૦ કલાકથી સાંજના ૦૪-૦૦ સુધીમાં જિલ્લાના નિયત કરેલ વિતરણ સ્થળોએથી પોતાની શાળાનું પરિણામ શાળાના પ્રતિનિધિને અધિકારપત્ર આપીને મેળવી શકશે, જે વિદ્યાર્થીઓને તેઓની શાળા ખાતે વિતરણ કરવાનુ રહેશે.

વિદ્યાર્થીઓ/વાલીઓ ઇન્ટરનેટનાં માધ્યમથી તેમની અનુકૂળતા મુજબ પરિણામ મળી રહે તે માટે ગુજરાત રાજયના ઉપલબ્ધ ઇન્ફોર્મેશન ટેકનોલોજીના વિશાળ ફલકની સગવડનો ઉપયોગ બોર્ડ દ્વારા કરવામાં આવી રહ્યો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ-૨૦૧૨ માં લેવાયેલ ધોરણ-૧૦ તથા સંસ્કૃત પ્રથમાની પરીક્ષાનું પરિણામ વિદ્યાર્થીઓને નીચેની વેબ-સાઇટ પરથી મળી શકશે.

**1) www.gseb.org (2) www.gipl.net (3) www.indiaresults.Com**

જે વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ ઇ-મેઇલથી જાણવા માગતા હોય તેઓને પોતાનું ઇમેલ એડ્રેસ www.gipl.net વેબ સાઇટ ઉપર જઇ લોગઇન કરી રજીસ્ટર કરાવી ઇ-મેઇલ દ્વારા પણ મેળવી શકશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓને મોબાઇલ ફોન પર SMS દ્વારા પરિણામ મળી શકે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે તે મુજબ વિદ્યાર્થીઓ "ssc seatnumber" (ઉદા. **ssc A123456**) નો **SMS 50111** પર કરીને Vodafone ના સબસ્ક્રાઇબર માત્ર **રૂ. ૧/-** ના ખાસ દરે પરિણામ મેળવી શકશે.

વિદ્યાર્થીઓની વિશેષ સુવિધા માટે પરિણામ નીચેના ટેલીફોન નંબર /ટોલ ફ્રી નંબર પરથી ઉપલબ્ધ કરવા વ્યવસ્થા કરવામાં આવી છે.

| ક્રમ | જિલ્લાનું નામ | લેન્ડ લાઇન |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦૭૯-૨૬૮૫૧૪૨૨<br>૦૭૯-૨૬૮૫૦૬૧૧ |
| ૨ | ગાંધીનગર | ૦૭૯-૬૫૭૨૧૮૦૧ |
| ૩ | વડોદરા | ૦૨૬૫-૨૩૨૨૩૨૮ |
| ૪ | સુરત | ૦૨૬૧-૨૮૬૨૪૫૯<br>૦૨૬૧-૨૮૬૨૪૬૦ |
| ગુજરાત કોલ સેન્ટરના ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ **ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર** ઉપરથી પણ પરિણામ જાણી શકાશે. | | |

**(એમ.આઇ.જોષી)**
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.

તારીખ. ૨૮-૫-૨૦૧૨
સ્થળઃ-ગાંધીનગર